## જન્મદિને વધામણી


અલકેશ સુખડીયા
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૫


જીનલ આશિષ વરીયા
મો. ૯૯૨૪૫ ૩૨૭૦૪


કેતુલ ભાવેશકુમાર રાજવંશી
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨

# લીંબોદરાની હાઈસ્કૂલ ખાતે ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમ

### ઊર્જાનાં સ્ત્રોત તેમજ ઊર્જાની બચત અંગે માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૩

શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ-૮,૯ના ૧૬૦ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઊર્જાનું મહત્ત્વ, પરંપરાગત અને બિનપરંપરાગત ઊર્જાનાં સ્ત્રોત તેમજ ઊર્જાની બચત અંગે માહિતી તથા ગુજરાત સરકાર દ્વારા ઊર્જા અંગે કરવામાં આવેલી કામગીરીનો અહેવાલ દર્શાવતી ફિલ્મ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ સુંદર અને ઉપયોગી આયોજન વિજ્ઞાન શિક્ષક મહેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય તેજસિંહ પરમારે ઉપસ્થિત વિષય નિષ્ણાતો અને મહેમાન પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા યોજાયેલી જિલ્લા રેલીમાં બી જે શાહ હાઈસ્કૂલ વિજેતા

### અન્ય ઈનામો સાથે સતત ચોથા વર્ષે માધ્યમિક કક્ષાના સ્કાઉટ ગાઈડમાં શાળા જિલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા બની

ગાંધીનગર, તા. ૨૩

ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા યોજવામાં આવેલી ગાંધીનગર જિલ્લા રેલી તાજેતરમાં માણસા તાલુકાના પડુસ્મા ગામે યોજાઈ હતી, જેમાં શ્રી બી જે શાહ હાઈસ્કૂલ, સાદરાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો હતો. કેમ્પ ફાયર સ્પર્ધા, છાવણી સજાવટ, ગાંઠોની સ્પર્ધા (નથ્થુભાઈ દેસાઈ)માં સ્કૂલે પ્રથમ અને અવલોકન સ્પર્ધામાં ત્રીજા ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. આ સાથે સતત ચોથા વર્ષે માધ્યમિક કક્ષાના સ્કાઉટ ગાઈડમાં શાળા જિલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

ડિસ્ટ્રીક્ટ ચીફ કમિશનર રતિલાલ જોષી, ડિસ્ટ્રીક્ટ પ્રેસિડેન્ટ ડૉ. એમ એન રાઠોડ અને શાળાના આચાર્યએ આ સિદ્ધિ બદલ સ્કાઉટર કલ્પેશભાઈ ડી ભાવસાર તથા વિદ્યાર્થીઓનો બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# આદર્શ નિવાસી શાળા દ્વારા રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

આદર્શ નિવાસી શાળા (અજા, કુમાર), સૅક્ટર-૮, ગાંધીનગર ખાતે બે દિવસ માટે શાળાકીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ સાંઘિક, એથ્લેટિક્સ અને વિસરાતી જતી રમતોમાં ઉત્સાહભેર ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

કબડ્ડી અને ખો-ખોમાં અનુક્રમે સંજય એન પરમાર અને સંજય વાઝાની ટીમે વિજય પ્રાપ્ત કર્યો હતો. ફેંક અને કૂદ વિભાગમાં પણ વિદ્યાર્થીઓએ ખૂબ સારો દેખાવ કર્યો હતો. આ ઉપરાંત વિસરાતી જતી રમતો જેવી કે કોથળા દોડ, મટકા ફોડ, સિક્કા શોધ, લીંબુ ચમચી, દોરડા કૂદ, ત્રિપગી દોડ, રિવર્સ દોડ, સંગીત ખુરશી જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કાબેલિયતનો પરિચય આપ્યો હતો.

સિક્કા શોધમાં રોહિત શામળિયા, લીંબુ ચમચીમાં ગૌતમ ડોરિયા, સંગીત ખુરશીમાં મુકેશ મકવાણા, કોથળા દોડમાં ચેતન મકવાણા, દોરડા કૂદમાં રોહન ચાવડા, રિવર્સ દોડમાં અજય ઝાલા, મટકા ફોડમાં સુભાષ પરમાર અને ત્રિપગી દોડમાં અનુક્રમે નવદીપ ડોરિયા અને રોહન ચાવડાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

શાળાના આચાર્ય જી કે સોલંકીના માર્ગદર્શન હેઠળ મદદનીશ શિક્ષક એસ કે પરમાર તથા જી એમ માવીએ શાળા સ્ટાફની મદદથી બે દિવસીય શાળાકીય રમતોત્સવને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાના રમત કૌશલનું સુંદર પ્રદર્શન કર્યું હતું.


પેથાપુર ખાતે કાર્યરત સ્કૂલ મધર ટચનો વાર્ષિકોત્સવ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાયો હતો. મનમોહક વેશભૂષાઓમાં સજ્જ બાળકોએ ગીત, સંગીત, નૃત્યની સુંદર સાંસ્કૃતિક કૃતિઓ કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તુત કરીને વાલીઓ, અતિથિઓનાં દિલ જીતી લીધાં હતાં.

# કલાગુર્જરી દ્વારા ટાઉનહૉલમાં શશી કપૂરનાં ગીતોનો કાર્યક્રમ



### 'પરદેસીયોં સે ના અખિયાં મિલાના કાર્યક્રમ' ગુરુવારે

ગાંધીનગર, તા. ૨૩

કલાગુર્જરી સંસ્થા દ્વારા આગામી તા. ૨૫ જાન્યુઆરી ને ગુરુવારના રોજ ફિલ્મ અભિનેતા શશી કપૂરનાં ગીતોનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

સંસ્થાના પ્રમુખ ઍન પી પટેલ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે સૌ ફિલ્મ રસિકોના માનીતા અને લોકપ્રિય અભિનેતા શશી કપૂરને શ્રદ્ધાંજલી અર્પવા તેમનાં ફિલ્મી ગીતોનો એક મધુરો કાર્યક્રમ 'પરદેસિયોં સે ના અખિયાં મિલાના' ગાંધીનગર ટાઉનહૉલ ખાતે રાત્રે ૯.૩૧ કલાકે યોજવામાં આવ્યો છે.

કાર્યક્રમ અંતર્ગત નીરજ પાઠક, ચિરાગ દેસાઈ, દર્શના ગાંધી અને પંકજ પાઠક મધુરા ગીતોની રસલ્હાણ કરાવશે. સંગીતનો સથવારો પંકજ પાઠક આપશે અને કાર્યક્રમ સંચાલન મોહસીન શેખ દ્વારા કરવામાં આવશે. સંસ્થાના સભ્યો દ્વારા આયોજિત આ કાર્યક્રમ માણવા તેમણે સૌ સભ્યોને હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# સિનિયર ફોટોગ્રાફર જગદીશ પી. મેવાના ફોટોગ્રાફ પ્રદર્શનનો પ્રારંભ





ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના જાણીતા ફોટો જર્નાલીસ્ટ, દૈનિક 'જનસત્તા'ના પૂર્વ તસવીરકાર, વિવિધ દૈનિકોના કોલમનિસ્ટ, ગુજરાતના બે - બે મુખ્યમંત્રીશ્રીઓના પર્સનલ ફોટોગ્રાફર રહેલા, રાજ્ય માહિતીખાતાના એક સમયના ફોટોગ્રાફર જગદીશ પી. મેવાની, ૮૦ના દાયકાના સમાજજીવનની અમર ક્ષણોને કેમેરામાં કેદ કરતી શ્વેત-શ્યામ તસવીરોના વન મેન - સોલો પ્રદર્શનનો શુભારંભ સમારોહ અમદાવાદના રવિશંકર રાવળ કલાભવન ખાતે તા. ૨૨ જાન્યુઆરી, વસંતપંચમીના દિવસે યોજાયો હતો.

લોકકલા ફાઉન્ડેશનના શ્રી જોરાવરસિંહ જાદવે ફોટોગ્રાફર તરીકેની મોટી સિધ્ધિ છતાં કાયમ, અંતર્મુખી અને શરમાળ પ્રકૃતિના એવા જગદીશભાઈને 'લજામણીના છોડ' જેવા ગણાવી, આવા સાચા કલાકારોની પ્રતિભાને બહાર આણવા આપણે જ મથવું પડે ! તેવો મત વ્યકત કર્યો હતો.

વિખ્યાત ચિત્રકાર નટુ પરીખે 'કલા આજે મરવા બેઠી છે, મોબાઈલ આવતા ઘેર-ઘેર બધા મહાન ફોટોગ્રાફર થઈ ગયા છે, તસવીરકલા રસ્તી થઈ ગઈ છે.આવામાં સાચી કલાનું શું થશે? એવો માર્મિક સવાલ ઉઠાવી, માનવજીવનના મનોભાવોને કલાત્મક રીતે પકડતા જગદીશ મેવા જેવા સાચા કલાકારો અને એમની કલાને જીવાડવાની જવાબદારી આપણા સૌની સહિયારી છે, એમ કહી જગદીશના પ્રદર્શિત ચિત્રો અને એની પાછળ સંતાયેલી ક્ષણો વિશે વાત કરી હતી. વિખ્યાત ચિત્રકારશ્રી વ્રજ મિસ્ત્રીએ કલાકાર અંદરથી જાગેલો હોય ત્યારે આવી તસવીરો મળે છે, જગદીશ મેવાની તસવીરો ૮૦ના દાયકાનો આખો ઈતિહાસ રજૂ કરે છે અને ફોટોજર્નાલીસ્ટ તરીકેનો એમનો રઝળપાટ આ તસવીરોમાં પણ ઝળકે છે એમ જણાવ્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવ ડો.ડી.ડી.કાપડીયાએ જગદીશ મેવા દ્વારા સરકારી સેવાની બહારના સમયને ચોરીને, સમાજમાં રહેલા વિરોધાભાસોને તસવીરમાં કેદ કરવાનું જે કૌવત દાખવ્યું છે, તેને વંદન કર્યા હતા.

રણજીતરામ ચંદ્રક વિજેતા વરિષ્ઠ સર્જક રાધેશ્યામ શર્માએ જગદીશ મેવાની તસવીરોની અને એમની તસવીરકલાની સરાહના કરીને, સ્વકંઠે ગીત ગાઈને કાવ્યાત્મક શુભેચ્છાઓ પાઠવી હતી.વિખ્યાત કાર્ટૂનિસ્ટ તુષાર તપોધને, એ સમયે સાઈકલ પર માઈલોના માઈલ રખડીને ચિરંજીવ ક્ષણોને કેદ કરતા રહેલા મિત્ર જગદીશ મેવાને 'સાઈકલ પર સવાર જગદીશ મેવા'નું મનોરમ વ્યંગચિત્ર ભેટ ધર્યું હતું. જગદીશ મેવા જેમની પાસેથી ફોટોગ્રાફીના પાઠ ભણ્યા તે ખ્યાતિપ્રાપ્ત ફોટોજર્નાલીસ્ટ સ્વ.શ્રી જી.એચ.માસ્ટરના ધર્મપત્ની શહનાઝબાનુનું જગદીશભાઈએ ગુલદસ્તો આપીને સજળ આંખોએ સન્માન કર્યું હતું. પ્રદર્શન પૂર્વે યોજાયેલા શુભારંભ સમારોહનું આકાશવાણીના સહાયક નિયામકશ્રી ભરત દેવમણીએ સુંદર સંચાલન કર્યું હતું.જગદીશ મેવાની સફળતાના નિમિત્ત રહેલા જગદીશભાઈના પત્ની ક્રિષ્નાબેન, બાળકો ભાર્ગવ-ભૂમિકા, વી.એસ હોસ્પીટલના આસી.ડીન ડો.સૌમિલ મર્ચન્ટ, વરિષ્ઠ પત્રકાર શ્રી હરસુખ થાનકી ભાજપા અગ્રણી શ્રી જયંતીભાઈ પરમાર, દલિત કવિ રમણ વાઘેલા, 'સમાજમિત્ર'ના શ્રી નટુભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રદર્શન તા.૨૨ થી ૨૫ જાન્યુઆરી સુધી સવારના ૧૧ થી સાંજના ૮ સુધી ખુલ્લું રહેનાર છે.

# એસ કે પટેલ સ્કૂલ દ્વારા ભવ્ય સ્ટેજ શો યોજાયો



### સઘળાં બાળકો સ્ટેજ શોમાં જોડાયાં

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ પ્રિ પ્રાઈમરી સ્કૂલનાં બાળકો દ્વારા ભવ્ય સ્ટેજ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોએ અલગ-અલગ ગીતો પર સુંદર ડાન્સ પરફોર્મ કર્યા હતા. શાળાનાં સઘળાં બાળકો આ કાર્યક્રમમાં જોડાયાં હતાં. બાળકોની આંતરિક શક્તિ ખીલવવા, સ્ટેજ ફિયર દૂર કરવા તેમજ વિશાળ સ્ટેજ પૂરું પાડવાના હેતુથી આ સ્ટેજ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષકોએ આ સ્ટેજ શો માટે ખૂબ જહેમત ઊઠાવી હતી. બાળકો આ શોને મન ભરીને માણ્યો હતો.

# પ્રેમની પરિભાષા કરતાં માલિકીભાવની ભાષા અલગ હોય છે

(ગતાંકથી ચાલુ)

એક યુવક અને યુવતીની સગાઈ થઈ. બંને એક જ શહેરમાં રહે. સગાઈ થયા પછી યુવકને યુવતી ઉપર માલિકીભાવ જાગ્યો એટલે યુવક યુવતીના સતત સંપર્કમાં રહેવા માટે પ્રયત્નો કરવા લાગ્યો. રાત-દિવસ સતત યુવતીના સંપર્કમાં જ રહે. યુવકના એક પણ મેસેજ કે ફોન કોલ નો ત્વરિત પ્રતીભાવ નાં મળે તો યુવક બેચેન થઈને એક સાથે એનેક મેસેજ અથવા તો કોલ કરે. જ્યાં સુધી યુવતી પ્રતીભાવ ના આપે ત્યાં સુધી આવું કર્યા કરે. યુવકના આ પ્રકારના વર્તનને કારણે યુવતી અકળાઈ ગઈ. યુવતીને એવું લાગ્યું કે યુવક પોતાની સ્વતંત્રતા છીનવી રહ્યો છે. યુવતીને એવો પણ ભય લાગ્યો કે હજી તો સગાઈ થઈ છે અને યુવક પોતાના ઉપર આટલો માલિકીભાવ ભોગવવાનો પ્રયત્ન કરે છે તો લગ્ન પછી પોતાની દશા વધારે બદતર થઈ શકે છે. અંતે યુવતીએ એ યુવક સાથેની સગાઈ તોડી નાખી અને સંબંધોનો અંત લાવી દીધો. બે વ્યક્તિ વચ્ચેના નવા અને તાજા સંબંધોમાં માલિકીભાવ જાગવાની શક્યતાઓ વધારે રહે છે.

કોઈપણ વ્યક્તિને, કોઈપણ પ્રકારના પોતાના અંગત સંબંધો હોય શકે અને એ તેનો અધિકાર પણ છે. કોઈના અંગત સંબંધોમાં કોઈ વ્યક્તિ દખલગીરી કરે એ ઈચ્છનીય નથી અને શોભનીય પણ નથી. વ્યક્તિ પોતાની રીતે પોતાની દોરેલી લક્ષ્મણરેખાની અંદર જીવતી હોય છે. વ્યક્તિએ પોતે દોરેલી, પોતાના માટે દોરેલી લક્ષ્મણરેખાને અંદર અન્ય કોઈને પ્રવેશવાનો અધિકાર નથી. કોઈ વ્યકિત પોતાની લક્ષ્મણરેખામાં પ્રવેશા એ કોઈને ગમતું પણ નથી. પોતાને અનિચ્છા હોવા છતાં પોતાની લક્ષ્મણરેખાની અંદર કોઈ પ્રવેશે તો વ્યક્તિ તેણે માન- સન્માન આપતી નથી અને શક્ય છે ક્યારેક એમનું અપમાન પણ કરી નાખે. આમ પોતાના ઉપર માલિકીભાવ વ્યકત કરનારનું વ્યક્તિ ગમે એટલી પ્રિયપાત્ર હોય છતાં એ ક્યારે તેનું અપમાન કરી નાખે અથવા તો પોતાના સંબંધોનો અંત લાવી દે એ કહેવાય નહીં.

આમ જોઈએ તો દરેક પ્રકારના સંબંધોમાં કોઈને કોઈ વ્યક્તિ બીજી સંબંધિત વ્યક્તિ ઉપર માલિકીભાવ ધરાવતી જ હોય છે. જ્યારે




vamlani2000@yahoo.co.uk

માલિકીભાવની તીવ્રતા વધી જાય છે અને એ તીવ્રતા તેની વાણી અને વર્તનમાં અભિવ્યક્ત થાય છે ત્યારે પ્રિયપાત્રને મુશ્કેલી થાય છે અને વેદના અનુભવે છે.

તમારા ઉપર જે વ્યકિત માલિકીભાવ ધરાવે છે એ વ્યક્તિ તમે જેની સાથે સંબંધો વિકસાવો છે એનું ઘસાતું બોલશે, તેની ટીકા કરશે, તમારી પાસે તેઓના ભૂતકાળને ખોતરશે, તેઓના ભૂતકાળના મડદાઓને ખોદીને તમારા મનમાં એવું ઠસાવવા માટે પ્રયત્ન કરશે કે એ વ્યક્તિ તમારી સાથે સંબંધોને લાયક નથી. તેની સાથે સંબંધો રાખશો તો ભવિષ્યમાં પસ્તાવાનો વારો આવશે અને એ સંબંધોને કારણે તમારે મોટું નુકશાન વેઠવું પડશે. આમ માલિકીભાવ ધરાવનાર વ્યકત કોઈપણ રીતે, તમારા અન્ય વ્યક્તિ સાથેનાં તેને ના ગમતા સંબંધોને તોડવા માટે પ્રયત્ન કરશે. આ રીતે મનોવૈજ્ઞાનિક રીતે તપાસીએ તો માલિકીભાવ ધરાવનાર વ્યક્તિ સંબંધોમાં ભાંગફોડિયા વૃતિનો શિકાર બનેલી હોય છે.

પોતાના પ્રિય પત્ર ઉપર માલિકીભાવ ધરાવનારનો હરગિજ એવો ઈરાદો નથી હોતો કે પોતાનું પ્રિયપાત્ર હેરાન-પરેશાન થાય, તેની લાગણી દુભાય કે તેની લાગણીને ઠેસ પહોંચે. છતાં માલિકીભાવ ધરાવનારની હરકતો, તેના વર્તન થકી પ્રિયપાત્રના સંબંધોને નુકશાન થતું હોય છે. તેના થકી પ્રિયપાત્ર સતત માનસિક તનાવમાં જીવે છે અને માનસિક પરિતાપ ભોગવતું રહે છે.

માલિકીભાવ એ પ્રેમનું જ ફરજંદ છે. પ્રેમ હોય તો જ માલિકીભાવ જાગે અને પ્રેમ હોય ત્યાં ન માલિકીભાવ વ્યક્ત થઈ શકે છે. પ્રેમ થકી માલિકીભાવ ઉપજે છે પણ એ જ માલિકીભાવ બે વ્યક્તિના પ્રેમ ને ખતમ કરી નાખે છે કારણ કે જે પ્રિયપાત્ર ઉપર વ્યકિત માલિકીભાવ ભોગવવાનો પ્રયત્ન કરે છે એ વ્યક્તિ પ્રત્યે ગુસો, ધૃણા, નફરત પેદા થઈ શકે ચ્હે જે બંને વચ્ચેના પ્રેમ અને સ્નેહને લાંબા સમયે ખતમ કરી શકે છે.

શ્રી કૃષ્ણને પોતાના દરેક સ્નેહીજન પ્રત્યે પ્રેમભાવ હતો. પાલક માતા-પિતા નંદ-યશોદા, જન્મદાતા વાસુદેવ-દેવકી, ગોપીઓ, ગોવાળો, રાધાજી, ઋકમણી, સત્યભામા, બળદેવ, પાંડવો, દ્રૌપદી, કુંતી, ગાંધારી અને સમસ્ત યાદવકુળ પ્રત્યે સ્નેહ હતો. શ્રીકૃષ્ણને પોતાના કોઈ જ સ્નેહીજન પ્રત્યે માલિકીભાવ જાગ્યો હોય એવું જાણમાં નથી અને એટલે જ કદાચ શ્રીકૃષ્ણનાં પોતાના સ્નેહીજનો પ્રત્યેના પ્રમમાં દિવ્યતાના દર્શન થતાં હતા.

આપણે સૌ આંતરખોજ કરીને પ્રમાણિકતાથી વિચારીશું તો આપણે સૌ કોઈને કોઈ સ્નેહીજન ઉપર માલિકીભાવ ધરાવતા હોઈએ છીએ અને આપના ઉપર પણ કોઈ ને કોઈ સ્નેહીજન પણ માલિકીભાવ ધરાવતું હોય છે. જો આપણાં ઉપર કોઈ માલિકીભાવ ધરાવતું હોય એ આપણને ગમતું ના હોય એ, તેનાથી આપણને મુશ્કેલી પડતી હોય, આપણને તેના થકી વેદના થતી હોય તો આપણે પણ અન્ય સ્નેહીજનો ઉપર માલિકીભાવ ભોગવવા પ્રયત્ન ના કરવો જોઈએ. માલિકીભાવ અંતે તો બે પ્રિયજનો વચ્ચેના સ્નેહ અને પ્રેમનો અંત જ લાવે છે એટલે જ માલિકીભાવનો ત્યાગ કરીને પ્રેમની દિવ્યતાને ઉજાળીએ.

